## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૧૧/૦૮/૨૦૧૯ થી તા. ૧૭/૦૮/૨૦૧૯ સુધીના વિકની સારી કામગીરી ( પોલીસ સાફલ્ય ગાથા ) ની વિગત :-

**)૧( સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૫/૨૦૧૯ તા. ૧૧/૦૮/૨૦૧૯ :-**

તા ૧૧/૦૮/૨૦૧૯ ના રોજ હે.કો. શાંતીલાલ કાળુભાઇ બ.ન. ૮૭૮ નાઓ સુરત રે.પો.સ્ટે.મા પેન્ડીંગ તપાસની કામગીરી કરતા હતા તે વખતે સર્વેલન્સ્ સ્કોડના હે.કો. લાલસિંહ લક્ષ્મણસિંહ નાઓએ એક લેખિત રીપોર્ટ આપેલ કે, ટ્રેન નં-૧૨૪૮૦ સુર્યનગરી એકસ. ટ્રેનના કોચ નં- એસ/૭ માં એક છોકરો-છોકરી સાથે શંકાસ્પદ જણાતાં સદર ટ્રેનના ટી.ટી.શ્રી પરમાર નાઓએ વર્ધી લખાવેલ જેથી વર્ધી એટેન્ડ કરશો જે આધારે ટ્રેન એટેન્ડ કરી ટી.ટી.શ્રી ને મળતાં તેઓએ એક પુરુષ નામે હેમારામ તેજાજી રાણા ઉ.વ.૨૩ રહે. આપ્પાપાડા મચ્છી માર્કેટ આઝાદ ચાલ ઇસ્ટ મુંબઇ તથા એક છોકરી નામે કરીશ્મા ડો/ઓ આઝાદ જાતે. દરજી ઉ.વ.૧૭ રહે. આપ્પા પાડા મચ્છી માર્કેટ પાસે મલાડ મુંબઇ તેમજ છોકરી સાથે નાની છોકરી નામે આલીયા ઉ.વ.૩ ની જે તેની મોટી બહેનની હોવાનું જણાવે છે. ટી.ટી.શ્રી પાસેથી કબજો મેળવી સદર છોકરો-છોકરી તથા નાની બાળકીને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા હે.કો. શાંતીલાલ નાઓએ પુછપરછ કરતા તેઓ જણાવે છે કે બપોરના ક.૧૨/૦૦ વાગ્યાની આસપાસ મારી બેનની નાની છોકરી નામે આલીયાને લઇને હાજીઅલી દરગાહ જવા માટે મલાડથી લોકલ ટ્રેનમાં બેસી બોરીવલ્લી રેલ્વે સ્ટેશને ગયેલ અને ત્યાથી ટ્રેનમાં બેસી મુંબઇ સેન્ટ્રલ જવાનું હતું પરતું બોરીવલ્લી રેલ્વે સ્ટેશન પર ટ્રેન આવી ઉભી રહેતાં અમો સદર ટ્રેનમાં બેસી ગયેલ અને થોડી વાર પછી ટીકીટ ચેકર ચેક કરવા આવતાં અમારી પાસે ટીકીટ માંગતાં અમારી પાસે ટીકીટ ન હોઇ જેથી અમોએ તેઓને જણાવેલ કે અમારે મુંબઇ સેન્ટ્રલ જવું છે. જેથી ટીટી.શ્રી એ જણાવેલ કે આ ટ્રેન સુરત ઉભી રહેશે તેવું જણાવેલ જેથી અમો ગભરાય જઇ રડવા લાગેલ તેમ જણાવતા તેમની પાસેથી તેની બેન-બનેવીના મોબાઇલ નંબર માંગતાં ખબર ન હોવાનુ જણાવેલ અને તેના ફોઇના દીકરા નામે આસીફ ૭૦૩૯૫૫૪૮૬૩ નો મો.નંબર યાદ હોય તે નંબર ઉપર સંપર્ક કરી જાણ કરતા તેમને સદર છોકરીના બનેવીના પિતા નામે અબ્દુલ ગફાર જાતે શેખ નાઓનો સંપર્ક કરી જાણ કરતા તેઓ તા ૧૧/૦૮/૨૦૧૯ ના રોજ તેની બેન નામે રૂબીનાબેગમ તથા બનેવી નામે નુરહુસેન નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા છોકરીનુ મેડીકલ ચેકઅપ કરવી તેઓનુ નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી કબ્જો રૂબરૂમા સોપવામાં આવેલ છે.

**)૨( સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૩/૨૦૧૯ તા. ૧૩/૦૮/૨૦૧૯ :-**

તા. ૧૩/૦૮/૧૯ ના રોજ વુ.હે.કો. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હતા તે વખતે પી.એસ.ઓ રામસીગ જામસીગ નાઓએ જણાવેલ કે એક સ્ત્રી સહારા દરવાજા પાસેથી મળી આવેલ જેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુ.હે.કો. મનીષાબેને તેની પુછપરછ કરતા પોતે પોતાનુ નામ કુસુમબેન રતીલાલ જાતે ચૌહાણ ઉ.વ. ૬૫ ધંધો ઘરકામ રહે ગ્રીનસીટી વાળા નાઓ પોતાના ઘર નુ કે તેઓના છોકરાઓનુ નામ સરનામુ જણાવેલ નથી જેથી સદર સ્ત્રી ના સગાસંબધી ન મળી આવે ત્યા સુધી સદર સ્ત્રી નો કબ્જો મહીલા હેલ્પ લાઇન ૧૮૧ તથા હેડ કોંન્સ અર્ચનાબેન નાઓને સોપવામાં આવેલ છે

**)૩( સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૩/૨૦૧૯ તા. ૧૩/૦૮/૨૦૧૯ :-**

તા. ૧૩/૦૮/૧૯ ના રોજ વુ.હે.કો. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હતા તે વખતે સ્ટેશન ડ્યુટીમાં ફરજ બજાવતા હોમગાર્ડ નાઓને એક છોકરી મળી આવેલ જેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુ.હે.કો. મનીષાબેને તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સરસ્વતી ડો/ઓ છોટક જાતે લોહરા ઉ.વ. ૧૭ ધંધો ઘરકામ રહે. લાહ ફેકટરી રોડ નાડીતોલા હિપ્રી રાચી રાજ્ય ઝારખંડ વાળી જણાવે છે કે હુ સુરત મજુરી કામ કરવા આવેલ હતી અને કામધંધો ન મળતા તે તેના વતન જવા માગતી હોય તેના વાલી-વારસો અંગે પુછતા તેને તેની બહેન નામે એનિમાં મો.ન.૮૪૦૯૮૦૧૨૯૨ આપતા તેઓનો ફોન ઉપર સંપર્ક કરતા તેઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી કબ્જો રૂબરૂમા સોપવામાં આવેલ છે.

**(૪) <u>સુરત રે.પો.સ્ટે. II. ૩૦૧૭/૨૦૧૯ NDPS કલમ-૮(સી), ૨૦(સી) મુજબ તા. ૧૧/૦૮/૧૯</u> :-**

સુરત રે.પો.સ્ટે. II. ૩૦૧૭/૨૦૧૯ NDPS Act, કલમ-૮(સી), ૨૦(સી) મુજબના ગુનામાં તા.૧૧/૦૮/૧૯ નાં કલાક: ૦૩/૩૭ વાગે સુરત રે.સ્ટે. પ્લે.નં.૧ ઉપર ટ્રેન નં. ૧૨૮૪૩ પુરી-અમદાવાદ એકસ. ટ્રેનના રીઝર્વ કોચ નં. એસ/૪ ના પાછળના સંડાસની ઉપરના ભાગે પ્લાયવુડ પાર્ટીશનમાંથી ઉપર કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે ૫૩.૯૩૪ કિલોગ્રામ ગાંજો કિં.રૂ. ૩,૨૩,૬૦૪/-, પેકિંગ મટીરીયલ્સ કિં.રૂ. ૦૦/૦૦ સહિત કુલ કિં.રૂ. ૩,૨૩,૬૦૪/- નો આયાત કરી પોલીસમા પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમા છોડી નાસી ગયેલ જે મળી આવતા ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરાવેલ છે.

**(૫) <u>આણંદ રે.પો.સ્ટે. II. ૩૦૬૬/૨૦૧૯ NDPS કલમ-૮(સી), ૧૫(બી),૨૯ મુજબ તા.૧૩/૦૮/૧૯</u> :-**

આણંદ રે.પો.સ્ટે. II. ૩૦૬૬/૨૦૧૯ NDPS Act, કલમ-૮(સી), ૧૫(બી), ૨૯ મુજબના ગુનામાં તા.૧૩/૦૮/૧૯ ના કલાક ૦૬/૪૫ વાગ્યા ના સુમારે આણંદ રે.સ્ટે. પ્લે.નં-૨ ઉપર ટ્રેન નં ૧૧૪૬૬ ડા. જબલપુર–સોમનાથ એક્સ ટ્રેનના આગળના જનરલ ડબબા પાસેથી આરોપીઓ નામે મથુરાબેન વા/ઓ બાબુભાઇ બારીયા ઉ.વ.૪૦ ધંધો. મજુરી, રહે. ગામ મહેંદીખેડા તા. કલ્યાણપુરા જી. જાબુઆ (મ.પ્ર) <u>વોન્ટેડ</u> :- (૧) વિનોદ ઉં.વ. ૩૫ થી ૪૦ ના આશરાનો રહે. જાંબુઆ (૨) ઇશ્વરભાઇ ડાભી રહે. ગામ-છીપીઆલ, અમદાવાદ મો.નં. ૯૫૧૦૪૬૮૦૭૫ વાળા પોતાના આર્થિક લાભ માટે ૫.૨૦૦ કિ.ગ્રામ પોશડોડા કિ.રૂ. ૧૩,૦૦૦/- થેલા સહિત પેકીંગ મટેરીયલની કિ.રૂ. ૧૦/- લેડીઝ પર્સ, રોકડા રૂ. ૪,૪૨૦/- મોબાઇલ ફોન કિ.રૂ. ૫૦૦/-, નાની ડાયરી, ચીઠ્ઠી મળી કુલ કિં. ૧૭,૯૩૦/- નો આયાત કરી પોશડોડાના જથ્થા સાથે પકડી પાડી તા.૧૩/૦૮/૧૯ ના ક. ૧૪/૦૫ વાગે અટક કરી ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરાવેલ છે.

**(૬) <u>સુરત રે.પો.સ્ટે. II. ૩૦૧૮/૨૦૧૯ NDPS કલમ-૮(સી), ૨૦(બી), ૨૯ મુજબ તા. ૧૪/૦૮/૧૯</u> :-**

સુરત રે.પો.સ્ટે. II. ૩૦૧૮/૨૦૧૯ NDPS Act, કલમ-૮(સી), ૨૦(બી), ૨૯ મુજબના ગુનામાં તા.૧૪/૦૮/૧૯ નાં કલાક: ૦૮/૨૫ વાગ્યાના સુમારે ઉધના રેલ્વે સ્ટેશન પ્લે.નં.૩ ઉપર ટ્રેન નં. ૧૨૮૩૪ હાવડા-અમદાવાદ એકસ. ટ્રેનના આગળના જનરલ ડબ્બા પાસેથી આરોપીઓ નામે રામચંન્દ્ર સુખદેબ પંડા ઉ.વ.૪૪ ધંધો. મજુરી રહે. ગામ-બ્રહ્મપુર શ્રી રામનગર તા.થાના-બડાબજાર જિ.ગંજામ (ઓરીસ્સા) <u>વોન્ટેડ</u> :- (૧) સાનીયા ભોર નામનો ઇસમ રહે-બ્રહ્મપુર તથા (૨) દુબલા નામનો ઇસમ રહે. ઉધના વાળા પોતાના આર્થિક લાભ માટે ૦૮.૨૪૬ કિ.ગ્રામ ચોખ્ખો ગાંજો કિં રૂા.૪૯,૪૭૬/-, પેકીંગ મટીરીલ થેલાની કિ.રૂા.૫૦/-, મો.ફોન-૧ કિં.રૂા.૫૦૦/-, રોકડા રૂ. ૫૦/-, બે રેલ્વેની જનરલ ટીકીટ, મો.ફોન નંબર લખેલ કાગળ મળી કુલ કિં. રૂા. ૫૦,૦૭૬/- નો આયાત કરી ગાંજાના જથ્થા સાથે પકડી પાડી તા.૧૪/૦૮/૧૯ ના ક. ૧૪/૩૦ વાગે અટક કરી ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરાવેલ છે.

Sd/-
I/c**પોલીસ અધિક્ષક**
**પશ્ચિમ રેલ્વે વડોદરા**